# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-09-2025** | **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** | **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે પાંચ વાગે દેશને સંબોધિત કરશે
2. અમેરિકાના ચેમ્બર ઓફ કોમર્સે ટ્રમ્પના H-1B વિઝા માટેની અરજી ફી વધારીને 1 લાખ ડોલર કરવાના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી
3. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ આવતીકાલે વેપાર વાટાઘાટો માટે અમેરિકા જશે.
4. ગ્રાહક બાબતોના વિભાગે આગામી પેઢીના GST સુધારાના ભાગરૂપે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન પર GST ફરિયાદ નિવારણ સુવિધા શરૂ કરી
5. એશિયા કપ ટી-20 ક્રિકેટમાં આજે દુબઇ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે રસાકસી ભર્યો મૂકાબલો
6. બેડમિન્ટનમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી આજે દક્ષિણ કોરિયાના કિમ વોન હો અને સીઓ સ્યુંગ જે સામે રમશે.

………………………………………………………………..

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM MODI ADDRESS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે દેશને સંબોધિત કરશે. પ્રધાનમંત્રીનું આ સંબોધન સાંજે પાંચ વાગે શરૂ થશે. પ્રધાનમંત્રી કચેરીના સત્તાવાર સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપવામાં આવી.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અરુણાચલ પ્રદેશ અને ત્રિપુરાની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન, તેઓ 5 હજાર એકસો કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી અરુણાચલ પ્રદેશમાં 3 હજાર સાત સો કરોડ રૂપિયાથી વધુના બે મોટા જળવિદ્યુત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. આમાં સિઓમ સબ-બેસિનમાં 186 મેગાવોટનો ટાટો-1 જળવિધ્યુત પરિયોજના અને 240 મેગાવોટનો હિયો જળવિધ્યુત પરિયોજનાનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી તવાંગમાં એક અત્યાધુનિક કન્વેન્શન સેન્ટરનો શિલાન્યાસ પણ કરશે. પ્રધાનમંત્રી 1 હજાર 290 કરોડ રૂપિયાથી વધુના અનેક મોટા માળખાગત પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે. આ પ્રોજેક્ટ્સ કનેક્ટિવિટી, આરોગ્ય, અગ્નિ સલામતી અને કામ કરતી મહિલાઓ માટે આવાસ સહિત વિવિધ ક્ષેત્રોને લાભ આપશે.

આ પ્રસંગે, શ્રી મોદી ઇટાનગરમાં એક જાહેર સમારોહને સંબોધિત કરશે. તેઓ સ્થાનિક કરદાતાઓ, વ્યવસાયો અને ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે તાજેતરના GST દર ઘટાડાની અસર પર ચર્ચા કરશે. ત્રિપુરામાં, પ્રધાનમંત્રી યાત્રા પુનરુત્થાન અને આધ્યાત્મિક વારસો પ્રોત્સાહન અભિયાન યોજના હેઠળ માતાબારી ખાતે માતા ત્રિપુરા સુંદરી મંદિર સંકુલના વિકાસ કાર્યનું ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## US CHAMBER-H1B VISA

અમેરિકાના ચેમ્બર ઓફ કોમર્સે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના H-1B વિઝા માટેની અરજી ફી વધારીને એક લાખ ડોલર કરવાના નિર્ણય પર ચિંતા વ્યક્ત કરી છે.

વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે નવા H-1B વિઝા નિયમોની કર્મચારીઓ, તેમના પરિવારો અને નોકરીદાતાઓ પર પડતી અસર અંગે ચિંતિત છે. વધુમાં કહ્યું કે તે વહીવટીતંત્ર અને તેના સભ્યો સાથે વધુ કાર્યવાહી પર વિચાર કરવા માટે કામ કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GOYAL-US

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળ આવતીકાલે વેપાર વાટાઘાટો માટે અમેરિકા જશે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મુલાકાતનો હેતુ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર વાટાઘાટોને આગળ વધારવાનો અને પરસ્પર લાભદાયી કરારને અંતિમ સ્વરૂપ આપવાનો છે.

મંત્રાલયે જણાવ્યું કે, અમેરિકા વેપાર પ્રતિનિધિઓની એક ટીમે આ મહિનાની **16**મી તારીખે ભારતની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન, વેપાર કરારના વિવિધ પાસાઓ પર સકારાત્મક ચર્ચા થઈ હતી અને આ સંદર્ભમાં પ્રયાસો ઝડપી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH-MOROCCO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજથી મોરોક્કોની સત્તાવાર મુલાકાતે જશે. આ ઉત્તર આફ્રિકન રાષ્ટ્રની રક્ષા મંત્રીની પહેલી મુલાકાત હશે, જે ભારત અને મોરોક્કો વચ્ચે વધતા વ્યૂહાત્મક જોડાણને વધુ સુદ્રઢ કરશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઈસ કાસ્ટ -- જાગૃત્તિ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NAMO YUVA RUN

નવી દિલ્હીમાં જળ શક્તિ રાજ્યમંત્રી રાજભૂષણ ચૌધરી અને ભાજપના સાંસદ મનોજ તિવારીએ નમો યુવા રનને લીલી ઝંડી આપી હતી. હજારો યુવાનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સેવા પખવાડા અંતર્ગત ભારતીય જનતા યુવા મોરચા દ્વારા આયોજિત આ મેરેથોનનો ઉદ્દેશ્ય દેશના યુવાનોની શક્તિ, ઉર્જા અને નિશ્ચયને નશા મુક્ત ભારત બનાવવાના અભિયાનમાં જોડવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# TELANGANA-DELISTING PARTIES

તેલંગાણાના મુખ્ય ચૂંટણી અધિકારી સી. સુદર્શન રેડ્ડીએ જાહેરાત કરી છે કે ભારતીય ચૂંટણી પંચના નિર્દેશોને અનુસરીને રાજ્યમાંથી નવ નોંધાયેલા બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી રદ કરાયા છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 હેઠળ કાયદાકીય પાલનની આવશ્યકતાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ આ પક્ષોને દૂર કરવામાં આવ્યા હતા.

દૂર કરાયેલા પક્ષોમાં લોક સત્તા પાર્ટી, ઓલ ઈન્ડિયા આઝાદ કોંગ્રેસ પાર્ટી, ઓલ ઈન્ડિયા બીસી ઓબીસી પાર્ટી, બીસી ભારત દેશમ પાર્ટી, ભારત લેબર પ્રજા પાર્ટી, મહાજન મંડળી પાર્ટી, નવ ભારત નેશનલ પાર્ટી, તેલંગાણા પ્રગતિ સમિતિ અને તેલંગાણા સ્વતંત્ર પાર્ટીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CONSUMERS-GST HELPLINE

ગ્રાહક બાબતોના વિભાગે આગામી પેઢીના **GST** સુધારાના ભાગ રૂપે રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન પર **GST** ફરિયાદ નિવારણ સુવિધા શરૂ કરી છે. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આવતીકાલથી અમલમાં આવતા સુધારેલા **GST** દરો અને મુક્તિઓ બાદ ગ્રાહકોને મુઝવતા પ્રશ્નો અને ફરિયાદોને ઉકેલવા માટે યુનિફાઇડ ફરિયાદ નિવારણ મિકેનિઝમ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. તે ઓટોમોબાઇલ, બેંકિંગ, ગ્રાહક ટકાઉ વસ્તુઓ, ઇ-કોમર્સ અને ફાસ્ટ-મૂવિંગ ગ્રાહક માલ જેવા ક્ષેત્રોમાં ફરિયાદોને સમાવી લેશે.

આ પહેલથી વસ્તુ અને સેવ કર પાલનને મજબૂત બનાવવાની અને ગ્રાહકોને વાજબી બજાર પ્રથાઓમાં સક્રિય હિસ્સેદારો બનવા માટે સશક્ત બનાવીને સહભાગી શાસન મોડેલને પ્રોત્સાહન આપવાની અપેક્ષા છે. મંત્રાલયે જણાવ્યું કે, ગ્રાહકો હવે પોર્ટલ અથવા ટોલ-ફ્રી નંબર 1915 દ્વારા સત્તર ભાષાઓમાં તેમની ફરિયાદો નોંધાવી શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CRICKET

દુબઈમાં એશિયા કપ T20 ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા સુપર ફોર મેચમાં આજે ભારતનો મુકાબલો પાકિસ્તાન સામે થશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે.

આ ટુર્નામેન્ટમાં બંને ટીમો વચ્ચે આ બીજો મુકાબલો હશે. ગયા અઠવાડિયે ગ્રુપ સ્ટેજ મેચમાં ભારતે પાકિસ્તાન પર સાત વિકેટથી શાનદાર વિજય મેળવ્યો હતો. આજની મેચનો વિજેતા ફાઇનલ માટે દાવેદાર રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BADMINTON

બેડમિન્ટનમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી આજે ચીનના શેનઝેન ખાતે ચાઇના માસ્ટર્સના મેન્સ ડબલ્સની ફાઇનલમાં દક્ષિણ કોરિયાના કિમ વોન હો અને સીઓ સ્યુંગ જે સામે રમશે.

ભારતીય જોડીએ ગઈકાલે સેમિફાઇનલમાં ઓલિમ્પિક ચેમ્પિયન મલેશિયાના એરોન ચિયા અને સોહ વોઈ યિકને 21-17, 21-14 થી હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SOLAR ECLIPSE

આજે વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ છે. આ ગ્રહણ પૂર્વીય દિવસના પ્રકાશ સમય અનુસાર બપોરે 1:29 કલાકે અને ભારતીય માનક સમય અનુસાર રાત્રે 10 વાગીને 59 મિનિટે શરૂ થશે અને ઓસ્ટ્રેલિયા, એન્ટાર્કટિકા, પેસિફિક મહાસાગર અને દક્ષિણ ગોળાર્ધના અન્ય વિસ્તારોમાં દેખાશે, જ્યારે ભારતમાં તે દેખાશે નહીં. આ આંશિક સૂર્યગ્રહણ હશે, જેમાં ચંદ્ર સૂર્યની સપાટીને સંપૂર્ણપણે ઢાંકવાને બદલે તેને આંશિક રીતે ઢાંકી દેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WAVES BAZAAR- KOREA

કોરિયા પ્રજાસત્તાકના બુસાનમાં બુસાન ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની સાથે આયોજિત એશિયન કન્ટેન્ટ્સ એન્ડ ફિલ્મ માર્કેટ 2025માં વેવ્સ બજાર-ભારત પેવેલિયનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

વેવ્સ બજાર આઉટરીચ પ્રોગ્રામના ભાગરૂપે માહિતી અને પ્રસારણ મંત્રાલય અને સિઓલમાં ભારતીય દૂતાવાસ દ્વારા સ્થાપિત આ પેવેલિયન ભારતના જીવંત મીડિયા અને મનોરંજન ક્ષેત્રને પ્રદર્શિત કરવા, સહ-નિર્માણને પ્રોત્સાહન આપવા અને ફિલ્મ, ટેલિવિઝન, ગેમિંગ અને ઉભરતી સર્જનાત્મક તકનીકોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ બનાવવા માટેનું આ ઉપયોગી સ્થળ બન્યું છે..

આ પેવેલિયન ભારતીય ફિલ્મો અને ડિજિટલ સામગ્રી પ્રદર્શિત કરશે, સહ-નિર્માણને પ્રોત્સાહન આપશે અને એનિમેશન, VFX, ગેમિંગ અને ઇમર્સિવ સ્ટોરીટેલિંગમાં ભાગીદારીનું અન્વેષણ કરશે. આ પ્રસંગે, માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ પૃથુલ કુમાર અને સિઓલમાં ભારતીય દૂતાવાસના ચાર્જ ડી'અફેર્સ નિશી કાંત સિંહે વૈશ્વિક કન્ટેન્ટ હબ બનવાની ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .